મળ્યા તારીખ	૨૯–૦૬–૨૦૨૨		
રજીસ્ટર કર્યા તા.	૨૯–૦૬–૨૦૨૨		
ફેંસલ કર્યા તારીખ	૦૩–૦૧–૨૦૨૪		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૬	

મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ અને એડી. સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.

સ્પે.દિ.મુ.નં.૨૭૯/૨૦૨૨
આંક: ૭૬

વાદી : (૧) કિશોરભાઈ ભાઈલાલભાઈ શેલડીયા
ઉ.વ.૪૬, ધંધો– ખેતી, ધર્મે – હિન્દુ,
રહે. ૭, પુષ્કર બંગલોઝ, ઈતિહાસ બંગલોઝ પાસે,
ન્યુ ઈન્ડીયા કોલોની રોડ, નિકોલ, અમદાવાદ.

(૨) વિપુલભાઈ નથુભાઈ કોટડીયા
ઉ.વ.૪૭, ધંધો– ખેતી, ધર્મે – હિન્દુ,
રહે. એ–૨૦૧, સદગુરુ શરણ, સદગુરૂ વાટીકાની
આગળ, એમ.જી.રોડ, નિકોલ, અમદાવાદ.

વિરૂધ્ધ

પ્રતિવાદી : (૧) ભરતજી રૂમાલજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.

(૨) હિંમતજી બચુજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.

(૩) અશોકજી બચુજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.

(૪) કાળાજી ગાડાજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.

(૫) લાખાજી ગાડાજી બારૈયા

ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.
(૬) રમેશ રૂમાલજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.
(૭) જયંતી રૂમાલજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.
(૮) લક્ષ્મણજી અમરાજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.
(૯) ચહેરાજી અમરાજી બારૈયા
ઉ.વ.પુખ્ત, ધર્મે –હિન્દુ, ધંધો–ખેતી.
તમામ રહે. ભાટપુરા, ચાંદીયેલ ગામ,
તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

વાદીના વિ.વ.શ્રી એચ. ડી. કચ્છી
પ્રતિવાદીઓ તર્ફે એકતર્ફી.

બાબત : દાવો રૂા.૮૮,૦૦,૩૦૦/– ના આંકથી રીકવરી ઓફ પઝેશન તથા કાયમી મનાઈ હુકમનો.

જ જ મે ન્ટ

૦૧. વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૪ (દસક્રોઈ)ના તાલુકા દસક્રોઈના મોજે ગામ ચાંદીયેલની સીમના બ્લોક/સર્વે નં. ૭૪૭ (જેનો જુનો બ્લોક/સર્વે નં.૪૯૨) જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૩૨–૨૭ આકાર રૂા.૮.૮૫ પૈસા ખાતા નં.૮૯૮ વાળી ખેતીની જમીન જે દાવાવાળી મિલકત/જમીન છે જેની ખુંટચારની વિગત જોતાં, પૂર્વ– સર્વે/બ્લોક નં.૭૫૧, પશ્ચિમ– સર્વે/બ્લોક નં.૭૫૫,૭૪૬ તથા ૭૪૫, ઉત્તરે– સર્વે/બ્લોક નં.૭૪૮ તથા દક્ષિણે– સર્વે/બ્લોક નં.૭૫૫ આવેલ છે. સદર જમીન સને ૧૯૫૧–૧૯૫૨ અગાઉ સર્વે નંબર ૪૭૮ ક્ષેત્રફળ ૬–૧૬ ગુંઠા પ્રમાણે શકરાજી ધીરાજી તથા બબાજી ધીરાજીના કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હતી. ત્યારબાદ સદરુ જમીન ખાતેદારો પૈકી શકરાજી ધરીજી તા.૦૮/૦૬/૧૯૫૨ નારોજ અવસાન પામતા તેમજ તેઓના વારસામાં પુત્ર કે પુત્રી ન હોવાથી તેઓની વિધવા બાઈ રેવા તે શકરાજી ધીરાજીની વિધવાનું નામ વારસાઈ હકકે રેકર્ડમાં દાખલ

થયેલ જેની રેવન્યુ દફતરે નોંધ નં.૧૨૧૬, તા.૨૦/૦૬/૧૯૫૭ નારોજ ગામ નમુના નં.૬ માં થયેલ જે પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ મોજે ચાંદીયેલ ગામની જમીનોનું બ્લોક નંબરનું રેકર્ડ મે.સેટલમેન્ટ કમિશ્નરશ્રી ગુજરાત રાજયના તા.૧૨/૦૮/૧૯૭૭ થી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ જે આધારે એકત્રીકરણ યોજના મુજબ તા.૩૧/૦૩/૧૯૭૯ નારોજના હુકમથી સર્વે નં. ૧ થી ૬૫૦ આપેલ તેમાં સદરહુ સર્વે નં.૪૪૮ને બ્લોક નં.૪૯૨ આપેલ તેની નોંધ રેવન્યુ દફતરે ફેરફારની નોંધ નં.૧૭૮૬, તા.૧૫/૧૧/૧૯૮૩ થી પડેલ જે પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદારો (૧) બબાજી ધીરાજી ઠાકોર તથા રેવાબેન તે શકરાજી ધીરાજી ઠાકોરની વિધવા ઓરતે સદરહુ જમીન જગદીશકુમાર ફતેહસીંહ સોઢાને વેચાણ આપેલ જે વેચાણ દસ્તાવેજ મે.સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અ.નં.૧૦૦૮૪, તા.૩૧/૦૫/૧૯૮૬ ના રોજ નોંધાવીને કરી આપેલ, જે દસ્તાવેજ પુના મહારાષ્ટ્ર મુકામેથી કન્ફર્મ થઈ પરત આવતા સમય લાગતા તેની ફેરફાર નોંધ નં.૨૯૧૭, તા.૦૮/૦૪/૨૦૧૩ થી દાખલ થયેલ જે રદ કરતા મે.નાયબ કલેકટરશ્રી દશક્રોઈ પ્રાંત અમદાવાદની કોર્ટમાં આર.ટી.એસ. અપીલ નં. ૨૨૪/૨૦૧૩ માં વિવાદી જગદીશભાઈ ફતેહસીંગ સોઢાની અરજી મંજુર કરવામાં આવેલ તથા રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૨૯૧૭ પ્રમાણિત કરવાનો હુકમ કરેલ જે અંગેની નોંધ નં. ૩૦૬૩, તા.૨૭/૦૫/૨૦૧૪ થી દાખલ થયેલ જે પ્રમાણિત કરેલી. વાદીએ વધુમાં જણાવેલ છે કે સદરહુ જમીનના ખાતેદાર જગદીશભાઈ ફતેહસીંહ સોઢાએ સદરહુ જમીન ઠાકોર પરબતસિંહ બબાજીને વેચાણ આપેલ તે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૧૪(દશક્રોઈ)ના મે. સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અ.નં.૧૩૦૧, તા.૧૬/૦૭/૨૦૧૪ થી નોંધાવીને કરી આપેલ જેની નોંધ પણ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં ફેરફારની નોંધ નં.૩૦૯૫, તા.૧૬/૦૭/૨૦૧૪ કરેલ, જે પણ પ્રમાણિત કરેલી છે. ત્યારબાદ ગામ મોજે ચાંદીયેલની સીમની જમીનો અંગે એસ.એલ.આર.(સુપ્રિન્ટેન્ટ ઓફ લેન્ડ રેકર્ડ) ઓફીસ, અમદાવાદ ધ્વારા જમીન/પ્રમોલોગેશન/જાહેરનામું/દશક્રોઈ/પ્રસિધ્ધ/૨૦૧૫, તા.૨૮/૧૨/૨૦૧૫ થી જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી નવું રેકર્ડ તૈયાર કરવામાં આવેલ જાહેર નોટિસના સમયગાળા દરમ્યાન રજુ થયેલ વાંધા અરજીઓ અન્વયે કરવા પાત્ર સુધારાઓ સાંકળી નવું રેકર્ડ તૈયાર કરી મોકલવામાં આવેલ રી સર્વે સંબંધી તૈયાર થયેલ નવા રેકર્ડ સો ટકા

ખરાઈ મામલતદારશ્રી દશક્રોઈ ધ્વારા કરવામાં આવેલ બાદ એસ.એલ.આર. ધ્વારા ચકાસણી કરી હુકમ નંબર–ડીએસઓ/રીસર્વે/આકારબંધ/કાયમખરડો/ચાંદીયેલ/વશી.૨૦૧૬, તા.૨૫/૦૨/૨૦૧૬ થી સદરહુ જુના સર્વે નંબરોવાળી જમીનોને નવા સર્વે નંબર– ૧ થી ૯૦૬૦ આપેલ, તે રીતે સદરહુ બ્લોક નં.૪૯૨ ક્ષેત્રફળ–૧૩૨૫૪ સમચોરસમીટર જમીનને નવો સર્વે/બ્લોક નં.૭૪૭ તથા ક્ષેત્રફળ ૧૩૨૧૭ સમચોરસમીટર જમીન આપેલ તે અંગેની નોંધ નંબર–૩૪૧૩, તા.૧૬/૦૩/૨૦૧૬ થી દાખલ કરેલ જે નોંધ લાગતા વળગતા અધિકારી ધ્વારા પ્રમાણિત કરેલી. ત્યારબાદ સદરહુ જમીન પરબતસિંહ બબાજીએ સદર જમીન પટેલ વિનુભાઈ શનાભાઈ, હિતેષકુમાર હરજીવનભાઈ પટેલ, સંતોકબેન તે ભુરાભાઈની દીકરી તે ભીમજીભાઈની પત્નિ એ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૫૯૨, તા.૨૧/૭/૨૦૧૭ વેચાણ રાખેલ જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડમાં તા.૨૧/૦૭/૨૦૧૭ ના રોજ અ.નં.૩૮૦૦ થી થયેલ છે. ત્યારબાદ મજકુર ખાતેદારો (૧) પટેલ વિનુભાઈ શનાભાઈ (૨) હિતેષભાઈ હરજીવનભાઈ (૩) સંતોકબેન તે ભુરાભાઈની દીકરી તે ભીમજીભાઈની પત્નિએ રમેશભાઈ નાથાભાઈ કાપડીયા વિગેરેને વેચાણ આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ–૧૪ (દશક્રોઈ)ના મે. સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૧૮૦૬,તા.૦૧/૦૬/૨૦૧૮ થી નોંધાયેલ જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડમાં તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ અ.નં. ૪૦૪૧ થી થયેલ છે. ત્યારબાદ ખાતેદારો રમેશભાઈ નાથાભાઈ કાપડીયા વિગેરેનાએ સદર જમીન પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ વિગેરેનાઓને વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ ૧૪ (દશક્રોઈ)ના મે.સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૮૯૯, તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ અ.નં.૪૩૧૯ થી થયેલ, જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં અ.નં.૪૬૭૨ તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ પાડેલી. તેથી વાદીએ તા.૧૪/૦૯/૨૦૨૨ નારોજ સદરહુ જમીનના છેલ્લા માલિક પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ, શૈલેષભાઈ લક્ષ્મણભાઈ કેવડીયા, બીરેન નરસિંહભાઈ પટેલ, કેયુરભાઈ દિનેશભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ જેઠાભાઈ સોનાણી, નિખીલ જેઠાભાઈ સોનાણી તથા જશુબેન ભરતકુમાર જાગાણીનાઓ પાસેથી અનુક્રમે વેચાણ દસ્તાવેજ નં.૨૦૩૩/૨૦૨૦ થી અમદાવાદ –૧૪ (દશક્રોઈ) ના સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને રજી.વેચાણ દસ્તાવેજથી સદરહુ જમીન ખરીદેલી છે, જે અંગેની રેવન્યુ રેકર્ડમાં

વેચાણ ફેરફાર નોંધ નં.૪૭૭૫, તા.૧૯–૦૯–૨૦૨૦ ના રોજ દાખલ થયેલ છે, જે સર્કલ ઓફીસરે તા.૨૭–૧૧–૨૦૨૦ નારોજ પ્રમાણિત કરેલ છે ત્યારથી વાદી સદરહુ જમીનના માલિક બનેલા છે અને વાદી અમદાવાદ મુકામે રહે છે અને પ્રતિવાદીઓ સદરહુ જમીનની બાજુમાં રહેતા હોય ગેરકાયદેસર પ્રવેશ કરી પેશકદમી કરેલ છે. આમ, આ કામના પ્રતિવાદી ટ્રેસપાસર હોય અને આ કામના પ્રતિવાદીઓએ બળજબરીપૂર્વક કબજો મેળવેલ હોય અને સદરહુ જમીનના પાણી પત્રક બબાજી ધીરાજીના નામના બનેલા હોય, આ કામના પ્રતિવાદીઓને સદરહુ જમીનમાં કોઈ લાગ ભાગ હકક હિત આવેલ ન હોય તેમ છતાં ગેરકાયદેસર રીતે કબજો પડાવવા પ્રયત્ન કરતા હોય અને સદરહુ જમીનને અડીને જ આ કામના પ્રતિવાદીઓની જમીન આવેલી હોય તેથી સદરહુ જમીન ઉપર કબજો કરેલ છે જે ટકવા પાત્ર નથી. પ્રતિવાદીઓનો કાયમી વસવાટ દાવાવાળી જમીનને અડીને આવેલ હોય તેનો ગેરલાભ લઈ ગમે ત્યારે જમીન ઉપર ટ્રેકટરો ફેરવી ખેતીની જમીન ઉપર વાવેતર કરી દેતા હોય તેમજ કબજો લેવા કાયદો હાથમાં લીધેલ હોય તેમજ પ્રતિવાદીઓ ઝનુની સ્વભાવના હોય સદરહુ જમીન ઉપર વાદી જાય ત્યારે હાથપગ તોડી નાખવાની, જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય જીવનું જોખમ રહેલ હોય વાદીએ પ્રતિવાદીઓને વારંવાર સમજાવેલ હોવા છતાં સમજેલ નહી પ્રતિવાદીએ જણાવેલ કે સદરહુ જમીન ઉપર કયારેય ઘુસવા દઈશું નહી કે ખેતીકામ કરવા દઈશું નહી તેવી ધમકીઓ પ્રતિવાદીઓ તથા તેમના મળતીયા માણસો વારં વાર આપેલ છે. વાદીએ વધુમાં જણાવેલ છે કે, સદરહુ જમીન અંગે આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ હેઠળ ઓનલાઈન અરજી કલેકટરશ્રી, અમદાવાદને કરતા કલેકટરશ્રી ધ્વારા તમામ શાખાઓના અભિપ્રાય મંગાવી સીટ જમીન શાખા ધવરા તપાસ કરાવી એફ.આઈ.આર. દાખલ કરવા હુકમ થયેલો જે અન્વયે કણભા પોલીસ સ્ટેશન ધ્વારા તા.૧૧/૦૪/૨૦૨૨ નારોજ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ ની કલમ–૩, ૪ (૧), ૪(૨),૪(૩), ૫(બી),૫(સી),૫(ઈ) તથા આઈ.પી.સી.ની કલમ–૫૦૪ હેઠળ એફ.આઈ.આર. નંબર ૧૧૧૯૨૦૩૦૨૨૦૧૨૬ થી ફરીયાદ દાખલ થયેલ જે હાલ પેન્ડીંગ છે જેમાં જયંતીભાઈ રૂમાલજી બારૈયા, કાળાજી ગાંડાજી બારૈયા, લાખાજી ગાંડાજી

બારૈયાનાઓએ ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૦૨૨ થી જામીન અરજી અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. સ્પેશીયલ લેન્ડ ગ્રેબીંગ કોર્ટમાં દાખલ કરેલ તેમાં નામ.કોર્ટે તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ જામીન અરજી અંગે હુકમ કરેલ તેમાં હુકમના પેરા નં.૬માં સ્પષ્ટ જણાવેલ કે, નામ.કોર્ટે અરજદાર/આરોપીઓએ આપેલ બાંહેધરી કમ એફીડેવીટ જે આંક–૫,૬ અને ૭ થી રજુ કરેલ છે તેમાં તકરારી જમીન ખાલી કરી દેશે. અને તે આધારે હુકમ કરેલ પરંતુ પ્રતિવાદીઓએ પાલન કરેલ નથી અને વાદીને દાવાવાળી જમીનનો કબજો સોંપેલ નથી. ત્યારબાદ પ્રતિવાદીઓને વાદીએ તા.૦૫/૦૫/૨૦૨૨ નારોજ એડવોકેટશ્રી કિશોરભાઈ આર.સોજીત્રા મારફતે રજી.એડી.થી નોટીસ જમીનનોકબજો ખાલીક રવા બાબતે આપેલ તેમ છતાં કબજો સોંપેલ નથી. વાદીએ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરીને જમીન ખરીદેલ હોવા છતાં પ્રતિવાદીઓ સદર જમીનમાં શાકભાજી જેવા રોકડીયા પાકો લઈ ખેતીની ઉપજ થી આવક મેળવે છે અને વાદીને આર્થિક નુકશાન પહોંચાડી રહેલ છે. આમ, વાદીએ દાવાવાળી જમીનના મુળ માલિક પાસેથી તા.૧૪/૦૯/૨૦૨૦ નારોજ વેચાણ દસ્તાવેજ અ.નં.૨૦૩૩/૨૦૨૦ થી અમદાવાદ–૧૪ (દશક્રોઈ) ના સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ ત્યારથી તેમજ તે અંગેનો ફેરફાર નોંધ નં.૪૭૭૫, તા.૧૯/૦૯/૨૦૨૦ નારોજ ગામ નમુના નં.૬ માં નોંધાવેલ ત્યારથી આ કામના પ્રતિવાદીઓ ગેરકાયદેસરનો કબજો મેળવી લઈ આર્થિક નુકશાન પહોંચાડેલું હોય તેમજ વાદીએ તેમના નામે દસ્તાવેજ કર્યો ત્યારે જમીન ફરતે તાર ફેન્સીંગ કરવા અને કમ્પાઉન્ડ વોલ કરવા જતા કબજામાં અટકાયત કરેલ અન કબજો લેવોહોય તો રૂપિયા આપવા પડશે તેવું કહીને ધમકી અને ગાળો આપેલ તેથી વાદીએ ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ અન્વયે ફરીયાદ કણભા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ તે કેસમાં જામીન મેળવવા નામ.સેશન્સ કોર્ટ સમક્ષ કબજો ખાલી કરી દઈશું તેવું સોગંદનામુ કરતા તે શરતે નામ.સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલ ત્યારબાદ કબજો ખાલી કરવા નોટિસ આપતા ઉડાઉ જવાબ આપેલ તેથી દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે અને એવી દાદ માંગેલ છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૪(દશક્રોઈ) ના તાલુકા દશક્રોઈ ના મોજે ગામ ચાંદીયેલની સીમના બ્લોક /સર્વે નં.૭૪૭ (જેનો જુનો બ્લોક/સર્વે નં. ૪૯૨)જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૩૨–૨૭ આકાર રૂા.૮.૮૫ પૈસા ખાતા નં.૮૯૮ વાળી

ખેતીની જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો આ કામના પ્રતિવાદીઓ વાદીને સોંપે તેવો હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અથવા નામદાર કોર્ટના નિમાયેલ કમિશ્નર મારફતે પોલીસ પ્રોટેકશન સાથે સ્થળ ઉપર કબજો વાદીને પ્રતિવાદીઓ સોંપે તેવો હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ ભવિષ્યમાં વાદીને કબજા બાબતે કોઈ પણ રીતે હેરાન પરેશાન કરે કરાવે નહી કે ખેતી કામ કરવા જતા અટકાયત અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીન ડેવલપ કરે, બાંધકામ કરે તો પ્રતિવાદીઓ કે તેમના નોકરો, એજન્ટો કોઈપણ રીતે અટકાયત કે અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

૦૨. આ કામે પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટિસની ધોરણસર બજવણી થવા છતાં કોઈપણ પ્રતિવાદીઓ જાતે કે તેઓ તરફે કોઈપણ માહિતગાર એડવોકેટ હાજર થયેલ નથી કે રીપોર્ટ રજુ કરેલ નથી કે કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી તેથી આંક–૨૫ થી વાદીએ પ્રતિવાદીઓ સામે સદર દાવો એકતર્ફી ચલાવવા માટે અરજી આપતા તે મંજુર કરી આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૯ વિરૂધ્ધ એકતર્ફી ચલાવવા તા.૦૬/૦૯/૨૦૨૨ નારોજ હુકમ કરવામાં આવેલ છે.

૦૩. વાદી તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવા :–</u>

(૧) આંક : ૩૪ થી વાદી કિશોરભાઈ ભાઈલાલભાઈ શેલડીયાની સરતપાસ એફીડેવીટ.

<u>દસ્તાવેજી પુરાવા:–</u>

(૧) આંક : ૩૭ થી રજીસ્ટર્ડ વે.દ.નં.૨૦૩૩/૨૦૨૦ની ખરી નકલ.

(૨) આંક : ૩૮ થી રજી.વે.દ.નં.૨૦૩૩/૨૦૨૦ ની ઈન્ડેક્ષ નકલ.

(૩) આંક : ૩૯ થી સર્વે નં. ૭૪૭ ના ગામ નમુના નં.૭ની નકલ.

(૪) આંક : ૪૦ થી સર્વે નં. ૭૪૭ ના ગામ નમુના નં.૧૨ની નકલ.

(૫) આંક : ૪૧ થી ૫૨ સુધી જુના સર્વે નં.૪૪૮ના ૧૯૫૧ થી ૧૯૮૭ સુધીના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ.

(૬) આંક : ૫૩ થી નોંધ નં.૨૯૧૭ ની નકલ.

(૭) આંક : ૫૪ થી નોંધ નં. ૩૦૬૩ ની નકલ.

(૮) આંક : ૫૫ થી નોંધ નં.૩૦૯૫ ની નકલ.

(૯) આંક : ૫૬ થી નોંધ નં.૩૪૧૩ ની નકલ.

(૧૦) આંક : ૫૭ થી નોંધ નં.૩૮૦૦ ની નકલ.

(૧૧) આંક : ૫૮ થી નોંધ નં.૪૦૪૧ ની નકલ.

(૧૨) આંક : ૫૯ થી નોંધ નં.૪૩૧૯ ની નકલ.

(૧૩) આંક : ૬૦ થી નોંધ નં.૪૬૭૨ ની નકલ.

(૧૪) આંક : ૬૧ થી નોંધ નં. ૪૭૭૫ ની નકલ.

(૧૫) આંક : ૬૨ થી રજી.વે.દ. નં.૧૦૧૮૪/૧૯૮૬ ની નકલ.

(૧૬) આંક : ૬૩ થી કણભા પો.સ્ટે.ની એફ.આઈ.આર. ની નકલ.

(૧૭) આંક : ૬૪ થી પ્રતિવાદીએ કરેલ જામીન અરજી નં.૧૧૩૫/૨૨ ની નકલ.

(૧૮) આંક : ૬૫ થી જામીન અરજી સાથે રજુ થયેલ પુરાવા લીસ્ટ.

(૧૯) આંક : ૬૬ થી પોલીસ એફીડેવીટની કોપી.

(૨૦) આંક : ૬૭ થી ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૨ ના કામમાં જયંતીજી રૂમાલજીની એફીડેવીટ.

(૨૧) આંક : ૬૮ થી ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૨ ના કામમાં કાળાજી ગાંડાજીની એફીડેવીટ.

(૨૨) આંક : ૬૯ થી ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૨ ના કામમાં લાખાજી ગાંડાજીની એફીડેવીટ.

(૨૩) આંક : ૭૦ થી ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૨ ના કામે થયેલ જામીન અંગેના હુકમની નકલ.

(૨૪) આંક : ૭૧ થી એડવોકેટ શ્રી કિશોરભાઈ આર.સોજીત્રાની નોટિસની નકલ.

(૨૫) આંક : ૭૨ થી એડવોકેટ શ્રી મુકેશ એમ.પટેલ દ્વારા આપેલ જવાબની નકલ.

(૨૬) આંક : ૭૩ થી એડવોકેટ શ્રી વિપુલ વી.પટેલ દ્વારા આપેલ જવાબની નકલ.

(૨૭) આંક : ૭૪ થી કણભા પો.સ્ટેશન દ્વારા કરવામાં આવેલ ચાર્જશીટની નકલ.

આંક : ૭૫ થી વાદીએ પુરાવો બંધ કરવાની પુરસીસ રજુ કરેલ છે.

૦૪. પ્રતિવાદીઓ તરફે કોઈપણ પ્રકારના મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

૦૫. વાદી તરફે વિ.વ.શ્રી. એચ.ડી.કચ્છી ની મૌખિક દલીલો સાંભળી, પ્રતિવાદીઓ તરફે કોઈ રજુઆત/દલીલો કરવામાં આવેલ નથી.

વાદીના વિ.વ.શ્રીએ દાવા અરજીમાં જણાવેલ હકીકત મુજબની હકીકત જણાવી એવી મૌખિક રજુઆત કરેલ છે કે દાવાવાળી મિલકત આ કામના પ્રતિવાદીઓના વડવાઓની માલિકીની હતી પરંતુ પ્રતિવાદીઓના વડવાઓએ તેમની હયાતીમાં જ સદર દાવાવાળી મિલકત જગદીશકુમાર ફતેહસીંહ સોઢાનાઓને રજી. વે. દ. નં.૧૦૦૮૪, તા.૩૧/૦૫/૧૯૮૬ નારોજ વેચાણ આપી દીધેલ હતી અને તે દસ્તાવેજ કન્ફર્મ થઈને આવતા સમય લાગેલ પરંતુ તેની નોંધ રેવન્યુ દફતરે થયેલ છે, ત્યારબાદ જગદીશકુમાર ફતેહસીંહનાએ સદર જમીન પરબતસિંહ બબાજી ઠાકોરને રજી.વે.દ.નં.૧૩૦૧, તા.૧૬/૦૭/૨૦૧૪ નારોજ વેચાણ આપેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં થયેલી છે, ત્યારબાદ ચાંદીયેલ ની સીમની જમીનોને રી સર્વે નંબર આપેલ અને જમીનોને નવા સર્વે નંબર ૧ થી ૯૦૬૦ આપવામાં આવેલ અને સદરહુ દાવાવાળી જમીનનો બ્લોક નં.૪૯૨, ક્ષેત્રફળ ૧૩૨૫૪ સમચોરસમીટર જમીનને નવો સર્વે/બ્લોક નં.૭૪૭, ક્ષેત્રફળ ૧૩૨૧૭ સમચોરસમીટર જમીન આપવામાં આવેલ તેની નોંધ નં.૩૪૧૪ તા.૧૬/૦૩/૨૦૧૬ નારોજ દાખલ થયેલ. ત્યારબાદ સદરહુ જમીન પરબતસિંહ બબાજી ઠાકોરનાએ પટેલ વિનુભાઈ શનાભાઈ, હિતેષભાઈ હરજીવનભાઈ પટેલ, સંતોકબેન તે ભુરાભાઈની દીકરી તે ભીમજીભાઈની પત્નિને વેચાણ દસ્તાવેજ નંબર–૧૫૯૨, તા.૨૧/૦૭/૨૦૧૭ નારોજ આપતા તેની નોંધ નં.૩૮૦૦ ની નોંધવામાં આવેલ. ત્યારબાદ ઉતરોકત ખાતેદારોએ રમેશભાઈ નાથાભાઈ કાપડીયાને વેચાણ આપતા તેનો સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૧૮૦૬,તા.૦૧/૦૬/૨૦૧૮ નારોજ વેચાણ દસ્તાવેજ થયેલો જેની નોંધ અ.નં.૪૦૪૧ થી થયેલ અને રમેશભાઈએ સદર જમીન પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલને વેચાણ આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ નં.૮૯૯, તા.૧૨/૦૩/૨૦૧૯ થી નોંધાતા તે અંગેની નોંધ નં.૪૩૧૯ રેવન્યુ રેકર્ડમાં થયેલ તે નોંધ નામંજુર થતા પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ નાએ આર.ટી.એસ. અપીલ કરતા નાયબ કલેકટર દશક્રોઈ પ્રાંત,અમદાવાદ

નાએ વિવાદીની અપીલ મંજુર કરતા નોંધ પ્રમાણિત કરેલ અને વાદીએ તા.૧૪/૦૯/૨૦૨૦ નારોજ સદરહુ જમીનના છેલ્લા માલિક પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ, શૈલેષભાઈ લક્ષ્મણભાઈ કેવડીયા, બીરેન નરસિંહભાઈ પટેલ, કેયુરભાઈ દિનેશભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ જેઠાભાઈ સોનાણી, નિખીલ જેઠાભાઈ સોનાણી તથા જશુબેન ભરતકુમાર જાગાણી પાસેથી ખરીદ કરેલ જેનો વેચાણ દસ્તાવેજ નં.૨૦૩૩/૨૦૨૦ થી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને ખરીદ કરેલ જેની નોંધ નં.૪૭૭૫, તા.૧૯/૦૯/૨૦૨૦ નારોજ દાખલ થયેલ જે તા.૨૭/૧૧/૨૦૨૦ નારોજ પ્રમાણિત કરેલ છે. ત્યારથી વાદી માલિક બનેલા પરંતુ આ કામના પ્રતિવાદીઓની જમીન બાજુમાં જ હોય અને સદર દાવાવાળી જમીનની બાજુમાં જ રહેતા હોય બળજબરીપૂર્વક કબજો મેળવેલ હોય જમીન પડાવી પાડવાના ગેરકાયદેસરના પ્રયત્નો કરતા આવેલા છે. અને વાદી જયારે દાવાવાળી જમીનને કમ્પાઉન્ડ વોલ કરવા ગયેલ ત્યારે ગાળો આપેલ અને ધમકી આપેલ અને કબજો લેતા અટકાયત કરેલ હોય હાલનો દાવો કરેલ છે અને દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ શાંત અને ખાલી કબજો પ્રતિવાદીઓ સોંપી આપે તેમજ દાવાવાળી જમીનમાં ખેતી કે ડેવલપ કરતા અટકાયત કે અંતરાય પ્રતિવાદીઓ કે તેમના નોકરો, માણસો, એજન્ટો કરે કરાવે નહી તેવી દાદ માંગેલ છે. વાદીએ તમામ વેચાણ દસ્તાવેજ અંગે થયેલ નોંધની નકલો તથા વેચાણ દસ્તાવેજની નકલો આ કામે રજુ થયેલ તેમજ આંક–૩૭ થી ૭૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વધુમાં આ કામે પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ નથી કે જવાબ આપેલ નથી કે વાદીના દાવાને નકારેલ નથી. વધુમાં આ કામના વાદી ધ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ કણભા પો.સ્ટે.માં લેન્ડ ગ્રેબીંગ એકટ અન્વયે જે ફરીયાદ કરવામાં આવેલ તે કેસમાં જામીન મેળવવા પ્રતિવાદીઓ ધ્વારા અરજી કરેલ તેમાં સદર દાવાવાળી જમીનનો કબજો સોંપી આપવાની એફીડેવીટ કરેલ છે,એટલે કે આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનનો કબજો વાદીને સોંપેલ નથી અને તે પછી વાદી ધ્વારા નોટિસ આપવા છતાં ઉડાઉ જવાબ આપેલ છે અને જમીનનો કબજો સોંપેલ નથી. વાદીએ પૂરેપૂરો અવેજ ચુકવીને સદર દાવાવાળી જમીન દાવાવાળી જમીનના છેલ્લા માલિક પાસેથી ખરીદ કરેલ છે અને પ્રતિવાદીઓ તેના ઉપર બળજબરીપૂર્વક કબજો કરી બેઠેલા હોય વાદીને તેનો વાપર ઉપયોગક રતા અટકાવી રહેલ હોય વાદીને આર્થિક નુકશાન થઈ

રહેલછે અને પ્રતિવાદીઓ શાકભાજી જેવા રોકડીયા પાકો દાવાવાળી જમીનમાં લઈને ખેતીની ઉપજ મેળવી રહેલ છે. તેથી વાદી બોનાફાઈડ પરચેઝર હોય હાલનો દાવો મંજુર કરી માંગ્યા મુજબની દાદ આપવા રજુઆત કરેલ છે.

આ કામે પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય તેઓ તરફે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

૦૬. સદર કામે ન્યાયીક સગવડતા માટે આંક : ૩૨ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

// મુદ્દાઓ //

૧. શું વાદી પુરવાર કરે છે કે તે વેચાણ દસ્તાવેજના આધારે માલિક છે?

૨. શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે તે કબજો કાયદેસર રાખવા હકકદાર છે?

૩. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીન ઉપર માલિકી હકકો આવેલા છે?

૪. શું હુકમ હુકમનામું?

૦૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

૦૮. **મુદ્દા નં.૧ થી ૩:-**

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૦૮/૧. આ કામે પ્રતિવાદીઓને ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે જાતે કે એડવોકેટ મારફતે હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી અને મૌખિક પુરાવા રજુ થયેલ નથી કે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી તેમજ વાદી ધ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ સદર દાવો એકતર્ફી ચલાવવા માટેની અરજી આપેલ જે અરજી મંજુર કરી સદર દાવો પ્રતિવાદીઓ નં.૧ થી ૯ વિરૂધ્ધ એકતર્ફી ચલાવવાનો હુકમ તા.૦૬/૦૯/૨૦૨૨ નારોજ કરવામાં આવેલ છે. આમ, આ કામે વાદીના દાવાનો ઈન્કાર કરવામાં આવેલ નથી. તેથી કોઈ સ્પેશીફીક ડીનાયલ પ્રતિવાદી ધ્વારા કરવામાં આવેલ નથી અને સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૮ રૂલ ૫ માં એવી જોગવાઈ છે કે,

<u>સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૮ રૂલ ૫ :–</u>

<u>"Order 8, Rule 5 - Specific Denial.</u>

1. Every allegation of fact in the plaint, if not denied specifically or by necessary implication, or stated to be not admitted in the pleading of the defendant, shall be taken to be admitted except as against a person under disability:

   Provided that the Court may in its discretion require any fact so admitted to be proved otherwise than by such admission:

2. Where the defendant has not filed a pleading, it shall be lawful for the court to pronounce judgment on the basis of the facts contained in the plaint, except as against a person under a disability, but the Court may, in its discretion, require any such fact to be proved.

3. In exercising its discretion under the proviso to sub-rule (1) or under sub-rule (2), the Court shall have due regard to the fact whether the defendant could have, or has, engaged a pleader.

4. Whenever a judgment is pronounced under this rule, a decree shall be drawn up in accordance with such judgment and such decree shall bear the date on which the judgment was pronounced.

૦૮/૨. આ કામે વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા સારૂ આંક–૩૪થી વાદી કિશોરભાઈ ભાઈલાલભાઈ શેલડીયાએ સરતપાસ એફીડેવીટ રજુ કરેલ છે પરંતુ પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય વાદીની ઉલટ તપાસ થયેલ નથી. વાદીએ તેમાં એવું જણાવેલ છે કે, ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૪ (દસક્રોઈ)ના તાલુકા દસક્રોઈના

મોજે ગામ ચાંદીયેલની સીમના બ્લોક/સર્વે નં. ૭૪૭ (જેનો જુનો બ્લોક/સર્વે નં.૪૯૨) જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૩૨–૨૭ આકાર રૂા.૮.૮૫ પૈસા ખાતા નં.૮૯૮ વાળી ખેતીની જમીન જે દાવાવાળી મિલકત/જમીન છે જેની ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પૂર્વ– સર્વે/બ્લોક નં.૭૫૧ આવેલ છે.

પશ્ચિમ– સર્વે/બ્લોક નં.૭૫૫,૭૪૬ તથા ૭૪૫ આવેલ છે.

ઉત્તરે– સર્વે/બ્લોક નં.૭૪૮ આવેલ છે.

દક્ષિણે – સર્વે/બ્લોક નં.૭૫૫ આવેલ છે.

તેનું રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૭ની અસલ આંક–૩૯ થી રજુ કરેલ છે તેમજ ગામ નમુના નં. ૧૨ નો ઉતારો અસલ આંક–૪૦ થી રજુ થયેલ છે. સદર જમીન સને ૧૯૫૧–૧૯૫૨ અગાઉ સર્વે નંબર ૪૪૮ ક્ષેત્રફળ ૬–૧૬ ગુંઠા પ્રમાણે શકરાજી ધીરાજી તથા બબાજી ધીરાજીના કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હતી. જે અંગેના જુના ૭/ ૧૨ ની અસલ આંક–૪૧ થી આંક–૫૨ સુધીના રજુ કરેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ખાતેદારો પૈકી શકરાજી ધરીાજી તા.૦૮/૦૬/૧૯૫૨ નારોજ અવસાન પામતા તેમજ તેઓના વારસામાં પુત્ર કે પુત્રી ન હોવાથી તેઓની વિધવા બાઈ રેવા તે શકરાજી ધીરાજીની વિધવાનું નામ વારસાઈ હકકે રેકર્ડમાં દાખલ થયેલ જેની રેવન્યુ દફતરે નોંધ નં.૧૨૧૬, તા.૨૦/૦૬/૧૯૫૭ નારોજ ગામ નમુના નં.૬ માં થયેલ જે પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ મોજે ચાંદીયેલ ગામની જમીનોનું બ્લોક નંબરનું રેકર્ડ મે.સેટલમેન્ટ કમિશ્નરશ્રી ગુજરાત રાજયનાતા.૧૨/૦૮/૧૯૭૭ થી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ જે આધારે એકત્રીકરણ યોજના મુજબ તા.૩૧/૦૩/૧૯૭૯ નારોજના હુકમથી સર્વે નં. ૧ થી ૬૫૦ આપેલ તેમાં સદરહુ સર્વે નં.૪૪૮ને બ્લોક નં.૪૯૨ આપેલ તેની નોંધ રેવન્યુ દફતરે ફેરફારની નોંધ નં.૧૭૮૬, તા.૧૫/૧૧/૧૯૮૩ થી પડેલ જે પ્રમાણિત થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદારો (૧) બબાજી ધીરાજી ઠાકોર તથા રેવાબેન તે શકરાજી ધીરાજી ઠાકોરની વિધવા ઓરતનાએ સદરહુ જમીન જગદીશકુમાર ફતેહસીંહ સોઢાને વેચાણ આપેલ જે વેચાણ દસ્તાવેજ મે.સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અ.નં . ૧૦૦૮૪, તા.૩૧/૦૫/૧૯૮૬ ના રોજ નોંધાવીને કરી આપેલ, જે દસ્તાવેજ પુના મહારાષ્ટ્ર મુકામેથી કન્ફર્મ થઈ પરત આવતા સમય લાગતા તેની ફેરફાર નોંધ નં.૨૯૧૭,

તા.૦૮/૦૪/૨૦૧૩ થી દાખલ થયેલ જે આંક–૫૪ થી રજુ થયેલ છે. તે નોંધ રદ કરતા મે. નાયબ કલેકટરશ્રી દશક્રોઈ પ્રાંત અમદાવાદની કોર્ટમાં આર.ટી.એસ. અપીલ નં.૨૨૪/૨૦૧૩ માં વિવાદી જગદીશભાઈ ફતેહસીંગ સોઢાની અરજી મંજુર કરવામાં આવેલ તથા રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૨૯૧૭ પ્રમાણિત કરવાનો હુકમ કરેલ જે અંગેની નોંધ નં. ૩૦૬૩, તા.૨૭/૦૫/૨૦૧૪ થી દાખલ થયેલ જે પ્રમાણિત કરેલી તે આંક–૫૫ થી રજુ થયેલ છે. વાદીએ વધુમાં જણાવેલ છે કે સદરહુ જમીનના ખાતેદાર જગદીશભાઈ ફતેહસીંહ સોઢાએ સદરહુ જમીન ઠાકોર પરબતસિંહ બબાજીને વેચાણ આપેલ તે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ –૧૪(દશક્રોઈ)ના મે. સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અ.નં.૧૩૦૧, તા.૧૬/૦૭/૨૦૧૪ થી નોંધાવીને કરી આપેલ જેની નોંધ પણ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં ફેરફારની નોંધ નં. ૩૦૯૫, તા.૧૬/૦૭/૨૦૧૪ કરેલ, જે પ્રમાણિત કરેલી નોંધ આંક–૫૫થી રજુ થયેલ છે. ત્યારબાદ ગામ મોજે ચાંદીયેલની સીમની જમીનો અંગે એસ.એલ.આર.(સુપ્રિન્ટેન્ટ ઓફ લેન્ડ રેકર્ડ) ઓફીસ, અમદાવાદ ધ્વારા જમીન/પ્રમોલોગેશન/જાહેરનામું/દશક્રોઈ/પ્રસિધ્ધ/ ૨૦૧૫, તા.૨૮/૧૨/૨૦૧૫ થી જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી નવું રેકર્ડ તૈયાર કરવામાં આવેલ જાહેર નોટિસના સમયગાળા દરમ્યાન રજુ થયેલ વાંધા અરજીઓ અન્વયે કરવા પાત્ર સુધારાઓ સાંકળી નવું રેકર્ડ તૈયાર કરી મોકલવામાં આવેલ રી સર્વે સંબંધી તૈયાર થયેલ નવા રેકર્ડ સો ટકા ખરાઈ મામલતદારશ્રી દશક્રોઈ ધ્વારા કરવામાં આવેલ બાદ એસ.એલ.આર. ધ્વારા ચકાસણી કરી હુકમ નંબર–ડીએસઓ/રીસર્વે/આકારબંધ/કાયમખરડો/ચાંદીયેલ/વશી.૨૦૧૬, તા.૨૫/૦૨/૨૦૧૬ થી સદરહુ જુના સર્વે નંબરોવાળી જમીનોને નવા સર્વે નંબર– ૧ થી ૯૦૬૦ આપેલ, તે રીતે સદરહુ બ્લોક નં.૪૯૨ ક્ષેત્રફળ–૧૩૨૫૪ સમચોરસમીટર જમીનને નવો સર્વે/બ્લોક નં.૭૪૭ તથા ક્ષેત્રફળ ૧૩૨૧૭ સમચોરસમીટર જમીન આપેલ તે અંગેની નોંધ નંબર–૩૪૧૩, તા.૧૬/૦૩/૨૦૧૬ થી દાખલ કરેલ જે નોંધ લાગતા વળગતા અધિકારી ધ્વારા પ્રમાણિત કરેલી, તે નોંધ આંક–૫૬થી રજુ છે. ત્યારબાદ સદરહુ જમીન પરબતસિંહ બબાજીએ સદર જમીન પટેલ વિનુભાઈ શનાભાઈ, હિતેષકુમાર હરજીવનભાઈ પટેલ, સંતોકબેન તે ભુરાભાઈની દીકરી તે ભીમજીભાઈની પત્નિ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૫૯૨, તા.૨૧/૭/૨૦૧૭ વેચાણ રાખેલ જે અંગેની ફેરફાર

નોંધ રેવન્યુ રેકર્ડમાં તા.૨૧/૦૭/૨૦૧૭ ના રોજ અ.નં.૩૮૦૦ થી થયેલ તેની અસલ આંક –૫૭ થી રજુ છે. ત્યારબાદ મજકુર ખાતેદારો (૧) પટેલ વિનુભાઈ શનાભાઈ (૨) હિતેષભાઈ હરજીવનભાઈ (૩) સંતોકબેન તે ભુરાભાઈની દીકરી તે ભીમજીભાઈની પત્નિએ રમેશભાઈ નાથાભાઈ કાપડીયા વિગેરેને વેચાણ આપેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ–૧૪ (દશક્રોઈ)ના મે. સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૧૮૦૬,તા.૦૧/૦૬/૨૦૧૮ થી નોંધાયેલ જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડમાં તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ અ.નં. ૪૦૪૧ થી થયેલ છે, જે નોંધની અસલ આંક–૫૮થી રજુ છે. ત્યારબાદ ખાતેદારો રમેશભાઈ નાથાભાઈ કાપડીયા વિગેરેનાએ સદર જમીન પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ વિગેરેનાઓને વેચાણ આપેલ, જે અં ગે નો વેચાણ દસ્તાવેજ અમદાવાદ ૧૪ (દશક્રોઈ)ના મે.સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૮૯૯, તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ અ.નં.૪૩૧૯ થી નોંધાયેલ, જે દસ્તાવેજની નોંધ રેવન્યુ રેકર્ડમાં અ.નં.૪૬૭૨ તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ પાડવામાં આવેલી તે આંક–૫૯ અને આંક–૬૦ થી રજુ છે. તેથી વાદીએ તા.૧૪/૦૯/૨૦૨૨ નારોજ સદરહુ જમીનના છેલ્લા માલિક પંકજભાઈ લક્ષ્મણભાઈ પટેલ, શૈલેષભાઈ લક્ષ્મણભાઈ કેવડીયા, બીરેન નરસિંહભાઈ પટેલ, કેયુરભાઈ દિનેશભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ જેઠાભાઈ સોનાણી, નિખીલ જેઠાભાઈ સોનાણી તથા જશુબેન ભરતકુમાર જાગાણીનાઓ પાસેથી અનુક્રમે વેચાણ દસ્તાવેજ નં.૨૦૩૩/૨૦૨૦ થી અમદાવાદ –૧૪ (દશક્રોઈ) ના સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને રજી.વેચાણ દસ્તાવેજથી સદરહુ જમીન ખરીદેલી છે, જે અસલ રજી. વેચાણ દસ્તાવેજ આંક–૩૭ થી રજુ થયેલ છે તેમજ તેની ઈન્ડેક્ષની નકલ આંક–૩૮ થી રજુ થયેલ છે. તે અંગેની રેવન્યુ રેકર્ડમાં વેચાણ ફેરફાર નોંધ નં. ૪૭૭૫, તા.૧૯–૦૯–૨૦૨૦ ના રોજ દાખલ થયેલ જે આ કામે આં ક–૬૧ થી રજુ થયેલ છે, જે સર્કલ ઓફીસરે તા.૨૭–૧૧–૨૦૨૦ નારોજ પ્રમાણિત કરેલ છે ત્યારથી વાદી સદરહુ જમીનના માલિક બનેલા છે અને વાદી અમદાવાદ મુકામે રહે છે અને પ્ર તિવાદીઓ સદરહુ જમીનની બાજુમાં રહેતા હોય ગેરકાયદેસર પ્રવેશ કરી પેશકદમી કરેલ છે. આમ, આ કામના પ્રતિવાદી ટ્રેસપાસર હોય અને આ કામના પ્રતિવાદીઓએ બળજબરીપૂર્વક કબજો મેળવેલ હોય અને સદરહુ જમીનના પાણી પત્રક બબાજી ધીરાજીના નામના બનેલા હોય,આ કામે બબાજી ધીરાજી તેમની હયાતીમાં જ તેમજ તેમના ભાઈ શકરાજી ધીરાજીના

વિધવા ઓરત રેવાબેને રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૦૧૮૪/૧૯૮૬ કરી આપેલ તેની સર્ટીફાઈડ નકલ આંક–૬૨ થી રજુ કરેલ છે. આ કામના પ્રતિવાદીઓને સદરહુ જમીનમાં કોઈ લાગ ભાગ હકક હિત આવેલ ન હોય તેમ છતાં ગેરકાયદેસર રીતે કબજો પડાવવા પ્રયત્ન કરતા હોય અને સદરહુ જમીનને અડીને જ આ કામના પ્રતિવાદીઓની જમીન આવેલી હોય તેથી સદરહુ જમીન ઉપર કબજો કરેલ છે જે ટકવા પાત્ર નથી. પ્રતિવાદીઓનો કાયમી વસવાટ દાવાવાળી જમીનને અડીને આવેલ હોય તેનો ગેરલાભ લઈ ગમે ત્યારે જમીન ઉપર ટ્રેકટરો ફેરવી ખેતીની જમીન ઉપર વાવેતર કરી દેતા હોય તેમજ કબજો લેવા કાયદો હાથમાં લીધેલ હોય તેમજ પ્રતિવાદીઓ ઝનુની સ્વભાવના હોય સદરહુ જમીન ઉપર વાદી જાય ત્યારે હાથપગ તોડી નાખવાની, જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય જીવનું જોખમ રહેલ હોય વાદીએ પ્રતિવાદીઓને વારંવાર સમજાવેલ હોવા છતાં સમજેલ નહી પ્રતિવાદીએ જણાવેલ કે સદરહુ જમીન ઉપર કયારેય ઘુસવા દઈશું નહી કે ખેતીકામ કરવા દઈશું નહી તેવી ધમકીઓ પ્રતિવાદીઓ તથા તેમના મળતીયા માણસો વારંવાર આપેલ છે. વાદીએ વધુમાં જણાવેલ છે કે, સદરહુ જમીન અંગે આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ તા.૨૯/૦૯/૨૦૨૧ ના રોજ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ હેઠળ ઓનલાઈન અરજી કલેકટરશ્રી, અમદાવાદને કરતા કલેકટરશ્રી ધ્વારા તમામ શાખાઓના અભિપ્રાય મંગાવી સીટ જમીન શાખા ધવરા તપાસ કરાવી એફ.આઈ.આર. દાખલ કરવા હુકમ થયેલો જે અન્વયે કણભા પોલીસ સ્ટેશન ધ્વારા તા.૧૧/૦૪/૨૦૨૨ નારોજ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ ની કલમ–૩, ૪(૧), ૪(૨), ૪(૩), ૫(બી),૫(સી),૫(ઈ) તથા આઈ.પી.સી.ની કલમ–૫૦૪ હેઠળ એફ.આઈ.આર.નં. ૧૧૧૯૨૦૩૦૨૨૦૧૨૬ થી ફરીયાદ દાખલ થયેલ જે કણભા પો.સ્ટે.ની ફરીયાદ આંક–૬૩ થી રજુ છે. તે હાલ પેન્ડીંગ છે જેમાં જયંતીભાઈ રૂમાલજી બારૈયા, કાળાજી ગાંડાજી બારૈયા, લાખાજી ગાંડાજી બારૈયાનાઓએ ક્રિ.પ.અ.નં.૧૧૩૫/૨૦૨૨ થી જામીન અરજી અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. સ્પેશીયલ લેન્ડ ગ્રેબીંગ કોર્ટમાં દાખલ કરેલ તે અરજીની નકલ આંક–૬૪ થી રજુ છે અને અરજીમાં રજુ થયેલ પુરાવા લીસ્ટ તથા પોલીસ એફીડેવીટ આંક–૬૫ અને આંક–૬૬ થી રજુ કરેલ છે. આ જામીન અરજીના કામમાં પ્રતિવાદી નં.૭, ૪ તથા નં.૫

નાઓએ નામ.કોર્ટ રૂબરૂ જામીન મેળવવા કરેલ એફીડેવીટની સર્ટીફાઈડ નકલ આંક–૬૭ અને આંક–૬૯થી રજુ છે, તેમજ નામ.કોર્ટે પ્રતિવાદીની જામીન અરજીના કામમાં કરેલ હુકમની નકલ આંક–૭૦ થી રજુ કરેલ છે. તે હુકમના પેરા નં.૬માં સ્પષ્ટ જણાવેલ કે, નામ.કોર્ટે અરજદાર/આરોપીઓએ આપેલ બાંહેધરી કમ એફીડેવીટ જે આંક–૫,૬ અને ૭ થી રજુ કરેલ છે કે તેઓ ચાંદીયેલ ગામનો જુનો સર્વે નં.૪૯૨ નવો સર્વે નં.૭૪૭ ક્ષેત્રફળ ૧૩૨૨૭ સ.ચો.મી. ખાલી કરી દેશે અને ભવિષ્યમાં તેઓ સદર જમીનમાં કોઈ હકક, ટાઈટલ નો કલેઈમ કરશે નહી.પરંતુ પ્રતિવાદીઓએ હુકમનું પાલન કરેલ નથી અને વાદીને દાવાવાળી જમીનનો કબજો સોંપેલ નથી. આમ, પ્રતિવાદીઓએ નામ.સેશન્સ કોર્ટમાં આંક–૫,૬ અને ૭ થી એફીડેવીટ કરી જમીનનો કબજો ખાલી કરી દેશે તેમજ ભવિષ્યમાં સદર મિલકતના કબજા બાબતે હકક, હિત,હિસ્સો કે દાવો કરશે નહી તેમજ કબજા બાબતે દખલ અંતરાય કરશે નહી તેમ છતાં પ્રતિવાદીઓએ વાદીને કબજો સોંપેલ નથી. વાદીએ પ્રતિવાદીઓને તા.૦૫/૦૫/૨૦૨૨ નારોજ એડવોકેટશ્રી કિશોરભાઈ આર.સોજીત્રા મારફતે રજી.એડી.થી નોટીસ આંક–૭૧ વાળી આપી જમીનનો કબજો ખાલી કરવા બાબતે આપેલ તેમ છતાં કબજો સોંપેલ નથી. વાદીએ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરીને જમીન ખરીદેલ હોવા છતાં પ્રતિવાદીઓ કોઈપણ ટાઈટલ વગર ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરી કબજો ગેરકાયદેસર રીતે કરેલ હોય વાદીની મુલ્યવાન જમીન પચાવી પાડવાનો પ્રયત્ન કરીને વાદીને આર્થિક નુકશાન પહોચાડેલ છે અને સદર જમીનમાં શાકભાજી જેવા રોકડીયા પાકો લઈ ખેતીની ઉપજ થી આવક મેળવે છે અને વાદીને આર્થિક નુકશાન પહોંચાડી રહેલ છે. ઉપરોકત લેન્ડ ગ્રેબીંગ કેસમાં ચાર્જશીટ ફાઈલ થયેલ છે જે લેન્ડ ગ્રેબીંગ કેસ નં.૧૨/૨૦૨૨ થી નોંધાયેલ છે જે આંક–૭૪ થી રજુ થયેલ છે. આમ, વાદીએ દાવાવાળી જમીનના મુળ માલિક પાસેથી તા.૧૪/૦૯/૨૦૨૦ નારોજ વેચાણ દસ્તાવેજ અ.નં.૨૦૩૩/૨૦૨૦ થી અમદાવાદ–૧૪ (દશક્રોઈ) ના સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ ત્યારથી તેમજ તે અંગેનો ફેરફાર નોંધ નં.૪૭૭૫, તા.૧૯/૦૯/૨૦૨૦ નારોજ ગામ નમુના નં.૬ માં નોંધાવેલ ત્યારથી આ કામના પ્રતિવાદીઓ ગેરકાયદેસરનો કબજો મેળવી લઈ આર્થિક નુકશાન પહોંચાડેલું હોય તેમજ વાદીએ તેમના નામે દસ્તાવેજ કર્યો ત્યારે જમીન ફરતે તાર ફેન્સીંગ કરવા અને કમ્પાઉન્ડ વોલ કરવા જતા

કબજામાં અટકાયત કરેલ અન કબજો લેવોહોય તો રૂપિયા આપવા પડશે તેવું કહીને ધમકી અને ગાળો આપેલ તેથી વાદીએ ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ અન્વયે ફરીયાદ કણભા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ તે કેસમાં જામીન મેળવવા નામ.સેશન્સ કોર્ટ સમક્ષ કબજો ખાલી કરી દઈશું તેવું સોગંદનામુ કરતા તે શરતે નામ.સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલ ત્યારબાદ કબજો ખાલી કરવા નોટિસ આપતા પ્રતિવાદીઓએ અલગ અલગ રીતે વકીલ શ્રી મુકેશ એમ.પટેલ તેમજ વિપુલ વી.પટેલ મારફતે તા.૨૬/૦૫/૨૦૨૨ નારોજ ઉડાઉ જવાબ આપેલ જેની નકલ આંક–૭૨ અને આંક –૭૩ થી આ કામે રજુ રાખેલ છે. ઉપરોકત કારણોસર દાવો દાખલ કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૪(દશક્રોઈ) ના તાલુકા દશક્રોઈ ના મોજે ગામ ચાંદીયેલની સીમના બ્લોક /સર્વે નં.૭૪૭ (જેનો જુનો બ્લોક/સર્વે નં. ૪૯૨)જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૩૨–૨૭ આકાર રૂા.૮.૮૫ પૈસા ખાતા નં.૮૯૮ વાળી ખેતીની જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો આ કામના પ્રતિવાદીઓ વાદીને સોંપે તેવો હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અથવા નામદાર કોર્ટના નિમાયેલ કમિશ્નર મારફતે પોલીસ પ્રોટેકશન સાથે સ્થળ ઉપર કબજો વાદીને પ્રતિવાદીઓ સોંપે તેવો હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ ભવિષ્યમાં વાદીને કબજા બાબતે કોઈ પણ રીતે હેરાન પરેશાન કરે કરાવે નહી કે ખેતી કામ કરવા જતા અટકાયત અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીન ડેવલપ કરે, બાંધકામ કરે તો પ્રતિવાદીઓ કે તેમના નોકરો, એજન્ટો કોઈપણ રીતે અટકાયત કે અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ તથા હુકમનામુ વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા માટેની દાદ માંગેલ છે.

૦૮/૩. આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો વાદીએ રૂા.૮૮ લાખ ઉપરાંતની માતબર રકમનો અવેજ ચુકવીને દાવાવાળી તકરારી મિલકત ખરીદ કરેલ હોવાનું જણાઈ આવે છે અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ જે રજીસ્ટર્ડ થયેલ છે અને તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ આ કામે આંક–૩૭ થી રજુ થયેલ છે અને તેની ઈન્ડેક્ષની નકલ પણ આંક–૩૮ થી રજુ થયેલ છે જે દસ્તાવેજની રૂઈએ હાલના વાદી દાવાવાળી તકરારી

જમીનના કાયદેસરના માલિક બનેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ કામે વાદીએ સદર દાવાવાળી જમીન અનેકોવાર વેચાણ થયેલાનું પણ જણાવેલ છે અને સદર જમીનના છેલ્લા માલિક પંકજભાઈ પાસેથી વાદીએ પુરેપુરો અવેજ ચુકવીને ખરીદ કરેલ હોય વાદી બોનાફાઈડ પરચેઝર હોય વાદીનો દાવાવાળી જમીન ઉપર પૂરેપુરો હકક ઉત્પન્ન થયેલ છે. વાદીએ જણાવેલ જુદાજુદા દસ્તાવેજોને આ કામના પ્રતિવાદીઓ ધ્વારા પડકારવામાં આવેલ નથી તેમજ હાલના દાવાના કામે પણ કોઈ હકીકતને પ્રતિવાદીઓએ જાતે કે તેમના માહિતગાર એડવોકેટ ધ્વારા હાજર થઈને પડકારવામાં આવેલ નથી કે ઈન્કારવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે દાવાવાળી જમીનમાં કબજો કરી રાખેલ હોવાની હકીકત પણ રેકર્ડ પર રજુ થયેલા પુરાવા પરથી સ્પષ્ટપણે ફલિત થયેલ છે. આ કામે વાદીએ પોતાની જમીનમાં પ્રતિવાદીઓ ધ્વારા કબજો નહી સોંપીને ઘુસણખોરી કરેલ હોય જમીન પચાવી પાડવા માંગતા હોય પ્રતિવાદીઓ વિરૂધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ અન્વયે ફરીયાદ દાખલ કરેલ જે કણભા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ જે ફરીયાદની નકલ આ કામે આંક–૬૩ થી રજુ થયેલ છે અને સદર કેસમાં પ્રતિવાદી નં. ૪,૫, અને ૭ નાઓએ જામીન મેળવવા માટે કરેલ અરજી જે ક્રિ.પ.અ.નં.૧૧૫૩/૨૦૨૨ ની કરેલી જે આ કામે આંક–૬૪ થી રજુ થયેલ છે તે અરજીના કામે ઉપરોકત પ્રતિવાદીઓએ એફીડેવીટ કમ બાંહેધરી આપેલી જેની નકલ આંક– ૬૭ થી આંક– ૬૯ સુધી રજુ થયેલ છે અને તેમાં તેઓએ સદર જમીનનો કબજો ખાલી કરી દેશે અને ભવિષ્યમાં સદર જમીનમાં કોઈ હકક દાવો કરશે નહી તેવી એફીડેવીટ રજુ કરેલ છે જેથી પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે સદર જમીનમાં કબજો કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે અને વાદી કાયદેસરના માલિક હોય પ્ર તિવાદીઓએ ગેરકાયદેસર રીતે સદર જમીનમાં કબજો કરી રાખેલ હોય કબજો રાખવા પ્ર તિવાદીઓ હકકદાર બનતા ન હોવાનું સ્પષ્ટ થાય છે.

વધુમાં પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં કેવી રીતે હકક ધરાવે છે તે પુરવાર કરવા સારૂ સદર કામે હાજર થયેલ નથી. જયારે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં વાદીએ સદર દાવાવાળી જમીન પૂરેપુરો અવેજ ચુકવીને સદર જમીનના છેલ્લા માલિક પં કજભાઈ પટેલ પાસેથી ખરીદ કરેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવેલ

જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજના આધારે વાદી સદર જમીનના માલિક બનેલા છે અને પ્રતિવાદીઓનો સદર જમીનમાં કોઈ હકક, હિત કે હિસ્સો પોષાતો હોય તેવું કોઈ પણ પ્રકારે જણાઈ આવતું નથી. વધુમાં વાદીના દસ્તાવેજો કે તે અગાઉ થયેલા વેચાણ દસ્તાવેજો ખરા ન હોવા બાબતે તેમજ તે દસ્તાવેજ પ્રતિવાદીઓના વડવાઓ ધ્વારા કરવામાં આવેલ ન હોવા બાબતે પણ કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી તેમજ દસ્તાવેજોને પડકારવામાં આવેલ નથી તેમજ પ્રતિવાદીઓનો સદર દાવાવાળી જમીન ઉપર માલિક હકક આવેલ હોવા અંગેના કોઈ પુરાવા રજુ થયેલ નથી. વળી, આ કામે જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ તે જોતા પ્રતિવાદીઓ નહી પરંતુ વાદી સદર જમીનના માલિકી હકક ધરાવતા હોવાનું સ્પષ્ટપણે ફલિત થયેલ છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચાના આધારે વાદી સદર દાવાવાળી જમીનના માલિક હોય પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ઉપર કોઈ માલિકી હકક ધરાવતા ન હોય કબજો રાખવા હકકદાર ન હોવાનું જણાઈ આવે છે તેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં તેમજ મુદ્દા નં.૨ અને ૩ નો જવાબ નકારમાં તે રીતે ઠરાવવામાં આવે છે. અને વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. તેથી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

વાદીનો દાવો આથી માંગ્યા મુજબની દાદ પ્રમાણે મંજુર કરવામાં આવે છે.

આ કામના પ્રતિવાદીઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૪(દશક્રોઈ) ના તાલુકા દશક્રોઈ ના મોજે ગામ ચાંદીયેલની સીમના બ્લોક /સર્વે નં.૭૪૭ (જેનો જુનો બ્લોક/સર્વે નં. ૪૯૨)જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧–૩૨–૨૭ આકાર રૂા.૮.૮૫ પૈસા ખાતા નં.૮૯૮ વાળી ખેતીની જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વાદીને આ હુકમ જાહેર થયા તારીખથી સોંપી આપવો અને જો પ્રતિવાદીઓ તેમ કરવામાં કસુર કરશે તો વાદી નામદાર કોર્ટમાંથી કમિશ્નર નીમીને નીમાયેલ કમિશ્નર મારફતે પોલીસ પ્રોટેકશન સાથે ઉપરોકત દાવાવાળી મિલકતનો કબજો મેળવવા હકકદાર રહેશે.

વધુમાં એવો કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ કે તેમના નોકરો, એજન્ટો, માણસો મારફતે ભવિષ્યમાં વાદીને કબજા બાબતે, ખેતી કરવા બાબતે તેમજ જમીનના વિકાસ અર્થે કોઈપણ રીતે અટકાયત કે અંતરાય કરવો કરાવવો નહી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ મુજબનું હુકમનામુ દોરવું.

હુકમ આજ તા.૩ જી માહે જાન્યુઆરી, ૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૧/૨૦૨૪
સ્થળ: અમદાવાદ.

(ર્ડા. પી.એ. પરમાર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અને અધિક સીનીયર સીવીલ જજ
અમદાવાદ (ગ્રામ્ય),નવરંગપુરા.
કોડ નં. જી.જે.૦૦૭૫૨

UAP